**સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આત્મા પ્રોજેક્ટ, ગીર સોમનાથ જિલ્લાની ખેડૂત બહેનો માટે ત્રિ-દીવસીય તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો.**

---

સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા આત્મા પ્રોજેક્ટ, ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ૫૨ ખેડૂત બહેનો માટે તા. ૧૧.૦૯.૨૦૨૪ થી ૧૩.૦૯.૨૦૨૪ દરમિયાન ત્રિ-દીવસીય તાલીમ કાર્યક્રમ દ્વારા યોજવામાં આવેલ. તાલીમ કાર્યક્રમમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિઓ અને તેનું મહત્વ, શાકભાજી પાકોની ખેતી, જૈવિક ખાતરો, પશુપાલન/દુધની બનાવટો, બાગાયત અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ જેવા વિષયો પર વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યુ હતું. વધુમાં, ખેડૂત બહેનોએ આણંદ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમની મુલાકાત પણ લીધેલ. તાલીમ કાર્યક્રમમાં ડૉ. વી. જે પટેલ, ડૉ. એમ. વી. ડાભી, ડૉ. એચ. કે. પટેલ, ડૉ. જી. એન. મોટકા, ડૉ. નીલ એ. પટેલ, ડૉ. એસ. જે. જાદવ, ડૉ. અમીતા પરમાર અને ડૉ. જે. ડી. દેસાઈ, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, સરદાર સ્મૃતિ કેન્દ્ર તથા અન્ય કૃષિ વૈજ્ઞાનિકો અને આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ હાજર રહેલ હતા. આ તાલીમનું સફળ સંચાલન શ્રીમતી પ્રવિણાબેન પરમાર, ખેતી મદદનીશ દ્વારા કરવામાં આવેલ.



